અપીલ અરજી નં.૩૪૪ તા.૨૦–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા. ૧૯–૯–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સુરત શહેર બેગમપુરા દુધારાશેરીમાંથી અલ્યાની વાડીમાં જવાના હાલનાં રસ્તાની પહોળાઈ કેટલા ફુટની છે તેની માહિતી આપો વિ.મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૪૪/૨૦૧૧–૧૨

શ્રી હેમંત એન. દેસાઈની તા. ૧૯–૯–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સુરત શહેર બેગમપુરા દુધારાશેરીમાંથી અલ્યાની વાડીમાં જવાના હાલનાં રસ્તાની પહોળાઈ કેટલા ફુટની છે તેની માહિતી આપો વિ.મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી અંગે દફતરી હકીકત નકલ સહ મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૦૩ તા.૩–૧૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો મળ્યા બાદ નારાજગી હોય તો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૬૧ તા.૨૨–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન /આરટીઆઈ/આ.નં.૧૩૭૯ તા.૨૪–૧૦–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૮–૧૧–૧૧ નો પૂરક પત્ર મળેલ છે.

અરજદારની તા.૧૯–૯–૧૧ ની અરજીથી બેગમપુરા દુધારાશેરીમાંથી અલ્યાની વાડીના રસ્તાઓની પહોળાઈની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં. (૧) સુરત શહેર બેગમપુરા દુધારાશેરીમાંથી અલ્યાની વાડીમાં જવાના હાલનાં રસ્તાની પહોળાઈ કેટલા ફુટની છે તેની માહિતી આપો. મુદ્દા નં.(૨) બેગમપુરા ભઠ્ઠી શેરીમાંથી અલ્યાની વાડીમાં જવાના હાલના રસ્તાની પહોળાઈ કેટલા ફુટની છે. તેની માહિતી આપશો. મુદ્દા નં.(૩) માલી ફળીયામાંથી અલ્યાની વાડીમાં જવાના હાલના રસ્તાની પહોળાઈ કેટલા ફુટની છે. તેની માહિતી આપશો. જે અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ ન મળવાથી તા.૨૦–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેથી બંને પક્ષકારો પાસેથી પૂરક માંગવામાં આવેલ. જેમાં જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૧૩૭૯ તા.૨૪–૧૦–૧૧ થી " સમય અવધિ બાદ સદર જગ્યામાં હાલમાં સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ મુજબ રસ્તાની પહોળાઈ દર્શાવતી નકશાની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે પૂરક વિગતોમાં મળેલી માહિતી તદ્દન ખોટી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી મને પ્લાન પૂરો પાડવામાં આવેલ છે જયારે મે પ્લાનની કોઈ જ માંગણી કરેલ નથી. મે ફકત માહિતીમાં હાલના રસ્તાની પહોળાઈનું માપના આંકડાની માહિતી માંગેલ કે રસ્તાની પહોળાઈ કેટલા ફુટની છે જે આંકડાકીય માહિતી માહિતી અધિકારી તરફથી મળેલ નથી જે માહિતી પૂરી પાડવા હુકમ કરશો. વધુમાં જણાવવાનું કે હું કોઈ ટેકનીકલ લાયકાત ધરાવતો નથી કે મને શું ખબર પડે કે પ્લાનમાં બતાવેલ વસ્તુ શું છે માટે ચોખ્ખી આંકડાકીય માહિતી આપશો. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પ્લાનની ઝેરોક્ષ નકલ પૂરી પાડવામાં આવેલ છે. જેમાં રસ્તો પીળા રંગથી દર્શાવવામાં આવેલ છે તેવી નોંધ કરેલ છે પરંતુ અરજદારને આપેલ નકશાની ફોટો સ્ટેટ કોપી હોય તેમાં પીળા રંગથી રસ્તો અલગ માર્ક થયેલો જોઈ શકાતો નથી. અરજદારે માહિતીની વિગત દુધારાશેરીથી અલ્યાની વાડી, બેગમપુરા ભઠ્ઠી શેરીથી અલ્યાની વાડી અને માલી ફળિયાથી એ રીતે વિગતો માંગેલ છે. નકશામાં માત્ર નોંધ નંબર અને જાહેર કચેરીના નામથી ઓળખ જણાય છે. પરંતુ શેરી કે ફળિયાથી ઓળખ સ્પષ્ટ થઈ શકતી

નથી. જાહેર માહિતી અધિકારીએ દફતરી વિગતો પૂરી પાડવાની છે પરંતુ તેની સાથે કાયદાના આમુખથી કરેલ જોગવાઈ અનુસાર નાગરિકોને માહિતી ઉપલબ્ધ કરાવવા એક વ્યવહારુ વ્યવસ્થાતંત્રની રચના પરત્વે પણ ભાર મુકવામાં આવેલ છે. તદઉપરાંત લોકશાહીમાં સુમાહિતગાર નાગરિકો હોવાનું પણ આવશ્યક છે. આમ આમુખથી ચરિતાર્થ થયેલ પારદર્શિતા અને જવાબદારી નિભાવવાની જોગવાઈ ધ્યાને લેતાં પર્યાપ્ત ન ગણી શકાય તેવા માત્ર નકશાની નકલ પરથી જાહેર માહિતી અધિકારી પક્ષે પૂરી માહિતી આપ્યાનું સ્પષ્ટ થતું નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૯–૧૧ અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પારદર્શી રીતે પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને મુદ્દાવાર માહિતી પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,